## મે.ધ્રોલના જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.ધ્રોલ

ક્રીમી. કેસ નંબર– ૬૬/૨૪

આંક–

<u>ફરીયાદી</u> – શ્રી સરકાર

વિરુધ્ધ

<u>આરોપી</u> – (૧) હુશેન ઉર્ફે પપ્પુ જાનમામદ મકવાણા

રહે – ચામુંડા પ્લોટ, ડફેરવાસ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર.

(૨) ઈરફાન ઉર્ફે ટકી જાનમામદ મકવાણા

રહે– ચામુંડા પ્લોટ, ડફેરવાસ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર.

(૩) જાનમામદ અબ્દુલભાઈ મકવાણા

રહે– ચામુંડા પ્લોટ, ડફેરવાસ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર.

(૪) ઈશાકભાઈ જાનમામદ મકવાણા

રહે– ચામુંડા પ્લોટ, ડફેરવાસ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર.

<u>બાબત</u> – ધી ગુજરાત પ્રોહીબીશન (સુધારા) એકટની કલમઃ– ૬૫–(એ),(બી),(સી),(ડી),(ઇ),(એફ), ૯૮(૨),૮૧ મુજબ.

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ – તરફે. | વિ. એ. પી. પી. શ્રી | આર.એસ.રામાણી |
| આરોપી – તર્ફે | વિ. વ. શ્રી | એન.બી.ચાવડા |

### <u>જજમેન્ટ</u>

(૧) આરોપી સામે ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તહોમતદાર મચકુરે તા. ૨૩/૧૦/૨૦૨૩ ના ક. ૧૩/૧૦ ના રોજ ધ્રોલ ચામુંડા પ્લોટ, જાનમામદ અબ્દુલભાઈ

મકવાણાની વાડીની પાસે આવેલ હોકળાના કાઠે બાવળની કાટમા, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર ના સ્થળે આ કામના કોલમ નંબર ૦૧ માં જણાવેલ આરોપી નંબર ૦૧ તથા આરોપી નંબર ૦૨ નાઓએ નીચે જણાવેલ તારીખ, સમય, અને સ્થળે ગે.કા. પાસ પરમીટ વગર દેશી પીવાના દારૂની ચાલુ હાલતની ભઠ્ઠી સાથે રેઈડ દરમ્યાન ભઠ્ઠીએથી દેશી દારુ લીટર ૩૫ કિં.રૂ.૭૦૦/– તથા ગરમ આથો તથા કાચો આથો લીટર ૨૭૦ કિં.રૂ.૫૪૦/– તથા ભઠ્ઠીના સાધનો એલ્યુમિનીયમનું તગારુ નંગ–૧ કિં.રૂ.૧૦૦/–મોટું બેરલ નંગ–૧ કિં.રૂ.૧૦૦/– તથા લાકડાની પાટલી નંગ–૧ કિ.રૂ.૦૦/૦૦ ગણી તથા દેશી દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ એક મો.સા. કાળા કલરનુ બજાજ કંપનીનુ પલ્સર રજી.નં. GJ–03–LJ–3930 કિ.રૂ.૫૦,૦૦૦/– એમ કુલ મુદામાલ મળી કિં.રૂ.૫૧,૪૪૦./– ના મુદ્દામાલ સાથે બન્ને આરોપીઓ પકડાય જતા તથા કોલમ નંબર ૦૧ મા જણાવેલ આરોપી નંબર ૦૩ તથા આરોપી નંબર ૦૪ નાઓ બન્નેએ આરોપી નંબર ૦૧ તથા નંબર ૦૨ વાળાઓને દેશી દારૂ બનાવવા મોકલેલ અને તેઓ બન્નેએ દેશી દારૂ બનાવવાના સાધનો પુરા પાડી એકબીજાની મદદગારી કરી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમઃ– ૬૫–(એ),(બી),(સી),(ડી),(ઇ),(એફ), ૯૮(૨),૮૧ મુજબ નો ગુનો કરેલ છે.

(૨) આ કામે આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી હાજર થતા પ્લી આંક–૦૯ થી આંક–૧૨ તથા તહોમતનામું આંક– ૦૮ થી લેવામાં આવેલ છે અને ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ છે.આ કામે પડેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનુ વધારાનું નિવેદન ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ નોંધવા જેટલો પુરાવો ન હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી.વધુમાં, નામદાર સુપ્રીમ કોર્ટે ૧૯૯૬(૩) ક્રાઈમ્સના પાના નં.૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશનના ચૂકાદામાં નીચે મુજબ નોંધેલ છે.

“when judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court shold not be Wasted for holding procedure to pronounce conclusion on a future date."

(૩) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક– ૨૦ થી સામતભાઈ મોમભાઈ ભુંડીયાને સોગંદ પર તપાસેલા છે. પંચનામા આંક– ૨૧ થી રજુ છે.સાથે <u>સ્ટેટ ઓફ ગુજરાત</u>

<u>વિરુધ્ધ સુરેશભાઈ પટેલ</u> નો ચૂકાદો જોવામાં આવે તો જયારે પંચ સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદીના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી તેવુ નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે જેથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

(૪) આ કામે રજુ થયેલ તમામ લેખિત તથા મૌખિક પુરાવાઓ વંચાણે લીધા. આ કામે પંચ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા નથી સદર ફરીયાદપક્ષની એ ફરજ છે કે, કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ખરેખર દેશીદારૂ છે, તે પુરવાર કરવુ પડે અને જયાં સુધી આ હકીકત ફરીયાદપક્ષ પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદપક્ષે તપાસેલ પોલીસ સાહેદ હિત ધરાવનાર સાહેદ છે. તેથી સ્વાભાવિક છે કે તેઓ ફરીયાદપક્ષને સમર્થન આપે. ત્યારે માત્ર આવા હિત ધરાવનાર સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી તથા આ કામે તટસ્થ અને સ્વતંત્ર ગણી શકાય તેવા પંચ સાહેદોના પુરાવાથી પંચનામાની હકીકતો પણ રેકર્ડે આવેલ નથી. ત્યારે ફરીયાદપક્ષે હિત ધરાવતાં ગણી શકાય તેવા સાહેદના પુરાવાથી કેસના ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ ન હોય ફરીયાદપક્ષે તપાસેલા સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી. આમ, તટસ્થ અને સ્વતંત્ર ગણાતાં પંચોના પુરાવાના અભાવે આરોપી નિદોર્ષ છુટવા પાત્ર હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

- <u>આ ખ રી હુ ક મ</u> –

- આ કામના આરોપી(૧)હુશેન ઉર્ફે પપ્પુ જાનમામદ મકવાણા રહે. ચામુંડા પ્લોટ, ડફેરવાસ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર.(૨) ઈરફાન ઉર્ફે ટકી જાનમામદ મકવાણા રહે. ચામુંડા પ્લોટ, ડફેરવાસ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર.(૩) જાનમામદ અબ્દુલભાઈ મકવાણા રહે. ચામુંડા પ્લોટ, ડફેરવાસ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર.(૪) ઈશાકભાઈ જાનમામદ મકવાણા રહે.ચામુંડા પ્લોટ, ડફેરવાસ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર. નાઓને ગુજરાત

પ્રોહીબીશન એકટની કલમઃ- ૬૫-(એ),(બી),(સી),(ડી),(ઇ),(એફ), ૯૮(૨),૮૧ મુજબનાં ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠારાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી એ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.
- સદર કામે કબ્જે કરેલ મુદ્ધામાલ દેશી દારૂ તથા કબજે કરેલ ભઠ્ઠીના સાધનો નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો તેમજ કબજે કરેલ મુદામાલ મોટરસાયકલ નો જો કોઈ વચગાળાનો હુકમ હોય તો કાયમ રાખવામાં આવે છે. અન્યથા માલિકીની ખરાઈ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૩-૦૭-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ ૦૩-૦૭-૨૦૨૬
સ્થળઃ ધ્રોલ.

( એ.એમ.શુકલા)
જજ કોડ.જી.જે.૦૧૩૬૪
જયુ.મેજી.ફ.ક.,ધ્રોલ,

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ધ્રોલ,